**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૪ ડીગ્રી
લઘુતમ : ૧૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૫૨ ટકા

# શહેરમાં શરદપૂનમની ઉલ્લાસપૂર્ણ ઉજવણી કરાશે

## સેકટરોમાં તથા સોસાયટીઓમાં શરદપૂર્ણિમાના રાસ-ગરબા યોજાશે : નગરજનો દૂધ-પૌંઆ સાથે ચટાકેદાર ફરસાણની જયાફત માણશે : ખાનગી આયોજકો દ્વારા પણ રાસ-ગરબાના આયોજનો

ગાંધીનગર, તા.૨૨

શહેરમાં શરદપૂર્ણિમા પર્વની ઉજવણી ઉલ્લાસપૂર્ણ રીતે કરવાની તૈયારીઓ પૂરજોશમાં જોવા મળી રહી છે. શહેરમાં વિવિધ ખાનગી આયોજનો સાથે સેકટરોમાં તથા ગુડા વિસ્તારની સોસાયટીઓમાં શરદપૂનમના રાસ ગરબાના આયોજનો હાથ ધરાયા છે. જેના કારણે નવરાત્રિ પછી ફરી એકવાર બુધવારે રાત્રે શહેરમાં ઢોલ ઢબૂકશે અને સાથે શીતળ ચાંદનીમાં દૂધ-પૌંઆની જયાફત જામશે. શહેરમાં સેકટર-૨૯માં જલારામ મંદિરે શરદપૂનમની વિશેષ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

નવરાત્રિ પછી આવતી આસોમાસની શરદઋતુની પૂનમને શરદપૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે ચંદ્રમા સોળે કળાએ ખિલી ઉઠે છે જેની શીતળ ચાંદનીમાં રાસ ગરબાના આયોજન કરવામાં આવે છે. તદુપરાંત શરદપૂનમે દૂધ-પૌંઆ, ખીર અને સાથે ચટાકેદાર વાનગીઓ આરોગવાની પણ પ્રથા જોવા મળે છે. શરદઋતુની બેવડી મૌસમમાં દૂધ-પૌંઆ પિત્તનું શમન કરે છે તેવી માન્યતાના આધારે આ પ્રથા જોવા મળે છે. ગાંધીનગરમાં દર વર્ષે શરદપૂનમની ઉજવણી ઉલ્લાસપૂર્ણ રીતે કરવામાં આવે છે. શહેરના સેકટરોમાં જયાં જયાં નવરાત્રિના શેરી ગરબાના આયોજન થયા હોય છે ત્યાં શરદપૂનમના રાસ ગરબા યોજવામાં આવે છે. મોટા ભાગના શેરી ગરબાના મંડપ કે મેદાન સહિત ગરબા ચોકની સજાવટ શરદપૂનમ સુધી યથાવત રાખવામાં આવે છે. આ સાથે ગાંધીનગરના ગુડા વિસ્તારની સોસાયટીઓમાં પણ શરદપૂનમના રાસ ગરબા યોજાશે. આ સાથે સમૂહમાં દૂધ-પૌંઆ અને ચટાકેદાર વાનગીઓ જેવી કે વડાપાઉં, દાબેલી, તુવેર ટોઠા, સેવઉસળ કે ભજીયા જેવા નાસ્તાના આયોજન પણ કરવામાં આવ્યા છે. ગાંધીનગરમાં વિવિધ ધાર્મિક સંસ્થાઓ તથા ખાનગી આયોજકો દ્વારા પણ શરદપૂનમના ગરબાનું આયોજન કરાયું છે. આ સાથે સે-૨૯માં જલારામ મંદિરે શરદ પૂનમના રાસ ગરબા યોજાશે.

ગાંધીનગરમાં ચ-૦ સર્કલ ખાતે ઈન્ફોસિટી કલબ એન્ડ રિસોર્ટમાં શરદપૂનમના રાસ ગરબાનું આયોજન તા.૨૩મી ઓકટોબર મંગળવારે રાત્રે કરવામાં આવ્યું છે. ઈન્ફોસિટી રિસોર્ટની હરિયાળી લૉનમાં ડીજે સાઉન્ડના તાલે આ રાસ ગરબા યોજાશે.

ગાંધીનગરની સ્માર્ટ પ્લસ ફિલ્મ્સ એન્ડ ઈવેન્ટસ દ્વારા તા. ૨૪મી ઓકટોબર બુધવારે રાત્રે ૭ કલાકે એસ.જી. હાઈવે પર અડાલજ પાસેના શ્રીયા ફાર્મ ખાતે 'શરદરાત્રિ-૨૦૧૮' શિર્ષક અંતર્ગત રાસ ગરબાનું આયોન કરવામાં આવ્યું છે. જેમાં પામેલા જૈન, અભિતા પટેલ, શિતલ બારોટ તથા દેવ ભટ્ટ જેવા ગાયકો ખેલૈયાઓને રાસ દાંડિયાની રમઝટ જમાવવા મજબૂર કરશે.

### સે-૭-સીના બગીચામાં 'ખગોળ રાત્રિ' ઉજવાશે

પૂનમ-અમાસ શુભ-અશુભ હોય તેવી માન્યતાને વૈજ્ઞાનિક અભિગમ કેળવી તિલાંજલિ આપવા સાથે ખગોળીય ઘટના તરીકે સ્વીકારવા સાથે શરદપૂનમે 'ખગોળ રાત્રિ' તરીકે ઉજવવાનું આયોજન વાકાવોકય થીએટર દ્વારા કરવામાં આવ્યું છે. 'ખગોળરાત્રિ' સેકટર-૭-સીના બગીચામાં તા. ૨૪મી ઓકટોબર બુધવારે રાત્રે ૮ કલાકે યોજાશે. જેમાં ખગોળીય આધારે અવૈજ્ઞાનિક માન્યતાઓનું નિવારણ કરવા પ્રયાસ કરાશે. આ કાર્યક્રમમાં સામેલ થનાર દરેક વ્યકિત પોતાના ઘરેથી સાથે મનગમતો નાસ્તો અને પાણી લઈને આવશે.



## સે-૭-એ વસાહત મંડળ દ્વારા નવરાત્રિ પર્વની ઉજવણી તથા તેજસ્વી તારલાઓનું સન્માન



ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના સે-૭-એ વસાહત મંડળ દ્વારા આયોજીત નવરાત્રિ પર્વની ઉજવણી બાદ દશેરાના દિવસે મધર ટચ બાલમંદિરના બાળકો તેમજ સેકટરના બાળકોનો કાર્યક્રમ, તેજસ્વી તારલાઓનું ઈનામ વિતરણ, સીનીયર સીટીઝન્સનું-દાતાશ્રીઓનું-મહેમાનોનું સન્માન વગેરે બાદ બીજા દિવસે ગાંધીનગરની જાણીતી બાલાજી સૂરસંગીત પાર્ટી દ્વારા વસાહતીશ્રીઓનું મનોરંજન કરવામાં આવ્યું હતું.

બંને દિવસના પ્રોગ્રામમાં શહેરના ગાંધીનગર જિલ્લા ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ, કોર્પોરેટર કાર્તિકભાઈ પટેલ, ઉમિયા માતાજી સંસ્થાના હોદ્દેદારશ્રીઓ, નિવૃત્ત કલેકટર નારયણભાઈ મોદી, રામરોટી આશ્રમ-કોઠારીયાના પ્રમુખ ભરતભાઈ ડી. પટેલ વગેરેએ મોટી સંખ્યામાં હાજર રહી તેજસ્વી તારલાઓને શુભેચ્છાઓ પાઠવી આર્શવાદ આપ્યા હતા.

કાર્યક્રમના શુભારંભે પ્રમુખ શિવાભાઈ પટેલે સર્વેને આવકાર્યા હતા સમગ્ર કાર્યક્રમનું સંચાલન શહેરના અગ્રણી જશવંતભાઈ ગાંધીએ તેમજ વંદનાબેન પટેલે સંભાળ્યું હતું જયારે મહેશભાઈ પટેલે આભારવિધિ કરી હતી.

## પેથાપુર મહાલક્ષ્મી માતાજીના મંદિર શરદપૂર્ણિમાના ગરબા યોજાશે

ગાંધીનગર, તા.૨૨

શ્રી મહાલક્ષ્મી નવરાત્રી યુવક મંડળ દ્વારા તા. ૨૪ ઓકટોબરને બુધવારના રોજ રાત્રે ૧૦ કલાકે સુખડીયા નવીનભાઈ બાબુભાઈ આરતી ઉતારશે.ત્યારબાદ શરદપૂર્ણિમાના રાસ-ગરબાની રમઝટ જામશે. આ પ્રસંગે ઉપસ્થિત તમામ ભકતો માટે દુધ-પૌંવાનો પ્રસાદ રાખવામાં આવ્યો છે. જેથી મોટીસંખ્યામાં પેથાપુરના નગરજનોએ ઉપસ્થિત રહેવા યુવક મંડળ દ્વારા અનુરોધ કરાયો છે.

## જલારામ હોસ્પિટલ દ્વારા પલિયડમાં કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૨૨

શ્રી સોમાભાઈ.જે.પટેલ સાર્વજનિક હોસ્પિટલ પલિયડ અને જલારામ હોસ્પિટલ સે-૬ (ડો. હાર્દિકસિંહ વાઘેલા)ના સંયુકત ઉપક્રમે જિલ્લાના પલિયડ ગામે તા. ૨૭-૧૦-૧૮ને શનિવારના રોજ સવારે ૧૦ થી ૨ કલાક દરમિયાન ઓર્થોપેડીક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં શરીરના હાડકામાં કેલ્શીયમની માત્રા બતાવતો ટેસ્ટ વિના મુલ્યે કરી આપવામાં આવશે. જયારે તમને કયા પ્રકારનો ઘુંટણનો દુખાવો છે, આર્થાઈટીસ વિશે સંપૂર્ણ માહિતી અને વિવિધ ટ્રીટમેન્ટની માહિતી, દરેક ઘુંટણના દુખાવા માટે સાંધો બદલાવવો જરુરી નથી. જયારે વિદેશી સાંધો કેમ્પમાં રજીસ્ટ્રેશન કરાવનાર દર્દી માટે ખાસ વ્યાજવી કિંમત રાખવામાં આવી છે. આ કેમ્પમાં મેટ્રોપોલીસ લેબોરેટરીના સહકારથી ફકત રૂ.૨૦માં થાઈરોઈડ ટેસ્ટ કેમ્પ કરી આપવામાં આવશે. તે ઉપરાંત વોલન્ટરી બ્લડ બેંક માણસાના સૌજન્યથી સ્વૈચ્છીક રકતદાન શિબિર યોજાશે. આ શિબિરમાં રકતદાતાને આકર્ષક ભેટ આપવામાં આવશે.

## શહેરમાં શાકભાજીના ભાવ ઉંચકાયા

ગાંધીનગર, તા.૨૨

પેટ્રોલ-ડિઝલના ભાવ સતત વધી રહ્યા છે. ડિઝલનો ભાવ વધવાનો કારણે ટ્રાન્સપોર્ટ પર તેની સીધી અસર પડે છે. જેથી દરેક ચીજવસ્તુઓના ભાવમાં ભાવ વધારો જોવા મળે છે. ત્યારે શહેરના શાકમાર્કેટમાં છેલ્લા ઘણા સમયથી શાકભાજીના ભાવ સ્થિર જોવા મળ્યા હતા. શહેરના શાકમાર્કેટમાં મોટાભાગના શાકભાજીનો કિલોનો ભાવ રૂ. ૧૦ થી રૂ.૨૦ હતો. જયારે હાલની પરિસ્થિતિએ ગાંધીનગર શહેરમાં શાકભાજીના ભાવ ઉંચકાયા છે. ભીંડા,કારેલા અને ટામેટા રૂ.૧૦ કિલો મળતા હતા તેનો ભાવ બમણો થઈ ગયો છે. જયારે તુવેર, ચોળી, ટીંટોડા, પરવરનો કિલોના ભાવ રૂ. ૮૦ છે. ત્યારે ફરીવાર ભાવ વધારાને કારણે ગૃહિણીઓનું બજેટ ખોરવાયું છે. જયારે શાકમાં રાજા ગણાતા બટાકાનો ભાવ પણ કિલોના રૂ.૨૫ છે, જે ઘણા સમયથી સ્થિર જોવા મળ્યો છે.



ગાંધીનગર શહેરના સેકટર-૬, ૭, ૨૧ અને સે-૨૪ શાકમાર્કેટમાં શાકના ભાવ ઉંચકાયા છે. ગાંધીનગર શહેરના આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા વિવિધ શાકભાજીની આવકમાં ઘટાડો થવા પામ્યો છે. શહેરના બજારોમાં શાક જરુરીયાત કરતા ઓછુ આવતું હોવાથી બજારમાં ભાવ વધઘટ જોવા મળી રહી છે. જયારે ક્રુડ ઓઈલના ભાવને પગલે પણ ડિઝલ મોંઘુ બનતા તેની સીધી અસર ટ્રાન્સપોર્ટેશન પર પડતા રોજબરોજની ચીજવસ્તુઓ મોંઘી પડે છે. થોડા સમય પહેલા ભીંડા, કારેલા અને ટામેટાનો ભાવ કિલોના રૂ.૧૦ હતો, જયારે તેની સામે હાલની પરિસ્થિતિએ ભાવ બમણા થઈ ગયા છે. જયારે શહેરના કેટલીક હોટલ-રેસ્ટોરન્ટમાં પણ સરળતાથી મળી રહેતા અને ભાવમાં પણ સરળ રહેતા શાક પીરસાય છે. હાલના શાકના કિલોના બજાર ભાવ પર નજર કરીએ તો ગવાર-૮૦, ચોળી-૮૦, તુવેર-૮૦, ટીંટોડા-૬૦, પરવર-૮૦, ભીંડા-૩૦, કારેલા-૪૦, ફલાવર-૪૦, કોબીજ-૨૦, મરચા-૪૦, ટામેટા-૨૦, રીંગણ-૨૦, દુધી-૨૦, બટાકા-૨૦, ડુંગળી-૨૦, લીલી ડુંગળી-૪૦ નો સમાવેશ થાય છે. જયારે ગૃહિણીઓના બજેટ પણ શાકભાજીના ભાવ વધતા ખોરવાઈ ગયા છે.

## સિવિલમાં શરદી-ખાંસી અને તાવના દર્દીઓની ભીડ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા દિવસોથી બેવડી રૂતુનો અનુભવ નગરજનોને થઈ રહ્યો છે. બપોરના સમયે ગરમી તો સવાર-સાંજ ઠંડીનો અનુભવ નગરજનો કરી રહ્યા છે. બેવડી સિઝનને પગલે શરદી, ખાંસી અને તાવના દર્દીઓ નગરમાં વધી રહ્યા છે. કેટલાક ખાનગી ફીજીશીયનના ત્યાંથી સારવાર મેળવી સ્વસ્થ બની રહ્યા છે. જયારે સિવિલમાં તાવના દર્દીઓથી ઓપીડી ઉભરાય છે. જયારે ખાનગી ડોકટર્સને ત્યાં પણ મોડી રાત સુધી દર્દીઓની લાંબી લાઈનો લાગી હોય છે.

ગાંધીનગર શહેરમાં હાલની સ્થિતિએ ઘરે ઘરે બિમારીના ખાટલા નજરે પડી રહ્યા છે. નગરમાં પાણીજન્ય અને વાહકજન્ય રોગાચાળાએ માથું ઉંચક્યું છે. શરદી, ખાંસી, તાવ, ઝાડા-ઉલ્ટી, ટાઈફોઈડ, મેલેરીયા, ડેન્ગ્યુ, કમળો, સહિતની બિમારીથી નગરજનો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. રોજ કરતા મેડીસીન ઓપીડીની સંખ્યા હાલ બમણી થવા આવી છે. સિવિલની ઓપીડીમાં દર્દથી કણસી રહેલા દર્દીઓ નજરે પડી રહ્યા છે. તો લેબ ટેસ્ટમાં પણ ખડકલો થઈ જતા દર્દીઓને રીપોર્ટ પણ બીજા દિવસે મળે છે. જયારે મેડીસીન વોર્ડમાં દર્દીઓનો ભારે જમાવડો થતા અન્ય વોર્ડમાં પણ દર્દીઓને સારવાર માટે ખસેડવામાં આવે છે. જયારે શહેરના ખાનગી દવાખાના પણ મોડી રાત સુધી ખુલ્લેઆમ ધમધમી રહ્યા છે. ખાનગી ડોક્ટર્સને ત્યાં દર્દીઓની લાંબી લોઈનો લાગેલી હોય છે. મોડીરાત સુધી નંબરની રાહ જોઈને દર્દીઓ બેઠા હોય છે. જયારે શહેરમાં બેવડી સિઝનને પગલે નાગરીકો વાઈરલ ફીવરની અસરમાં આવી ગયા છે.

## ચિલોડા-દહેગામ માર્ગ પર કારનું ટાયર ફાટતાં સર્જાયો અકસ્માત

ચિલોડા, તા.૨૨

ગાંધીનગર તાલુકાના ચિલોડા નજીક દહેગામ-મગોડી માર્ગ પર દહેગામ તરફથી આવતી અલ્ટો કાર નં. જીજે ૧૮-બી.એ. ૪૧૨૮નું



અચાનક ટાયર ફાટી જતાં સ્ટેયરીંગ પરનો કાબુ ગુમાવતા દહેગામ તરફથી આવતી રીક્ષા નં. જીજે-૧-જી એકસ, ૩૯૩૫ને કારે અડફેટમાં લેતા રીક્ષામાં બેઠેલ મુસાફરોને નાની મોટી ઈજા પહોંચતા તુરંત જ સારવાર અર્થે દવાખાને ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં રીક્ષાને ટકકર વાગતાં રીક્ષા પલ્ટી ખાઈ જતા નુકસાન પહોંચ્યું હતું. આ બનાવ બનતાં ઘટના સ્થળે લોકો દોડી આવ્યા હતા.

## બળાત્કારના ગુનાનો આરોપી એપોલોના ડોક્ટરે પોતાનો નાર્કો ટેસ્ટ કરવા માંગ કરી

ગાંધીનગર, તા. ૨૨

એપોલો હોસ્પિટલમાં ફરજ બજાવતા મૂળ પાકિસ્તાનના ડોકટર સામે બે વર્ષ પહેલા ડેન્ગ્યુની બીમારીનો ભોગ બનેલી યુવતીએ અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી અને ડોકટર સામે બળાત્કારની ફરિયાદ આપી હતી. આ પ્રકરણમાં નવો વળાંક આવ્યો છે. પોતાને ફસાવવામાં આવ્યો હોવાની વાત સાથે ડોક્ટરે સ્વ ખર્ચે નાર્કોટેસ્ટ કરાવવા હાઈકોર્ટમાં માંગ કરી હતી જેને કોર્ટે સ્વીકારતા ફોરેન્સિક લેબમાં હવે નાર્કો ટેસ્ટ થશે.

ભાટ પાસે આવેલી એપોલો હોસ્પિટલમાં ફરજ બજાવતા મૂળ પાકિસ્તાનના વતની ડો. રાજેશ ચૌહાન અને હોસ્પિટલના એક વોર્ડ બોય ચંદ્રકાંતની બે વર્ષ પહેલા અડાલજ પોલીસે ધરપકડ કરી હતી. વર્ષ ૨૦૧૬માં સપ્ટેમ્બર માસમાં ડોકટર પર દર્દીએ બળાત્કારનો આક્ષેપ કર્યો હતો અને આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. ગાંધીનગરની યુવતી ડેન્ગ્યુની બીમારીને પગલે એપોલો હોસ્પિટલમાં દાખલ થઈ હતી. ત્યાં બેભાન અવસ્થામાં યુવતી હતી ત્યારે ડોક્ટરે તેણીની ઉપર બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ નોંધાવી હતી. આ ચકચારી કેસમાં ડોકટરે હાઈકોર્ટમાં અરજી કરી હતી કે પોતે આ કેસમાં નિર્દોષ છે અને સ્વખર્ચે પોતાનું નાર્કોટેસ્ટ કરાવવા ઈચ્છે છે જેમાં દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે. કોર્ટે તેની અરજી માન્ય રાખી છે અને ચાલુ સપ્તાહમાં ડોકટરનો નાર્કોટેસ્ટ કરવા હુકમ કરતા હવે એફ.એસ.એલ પાસેથી નાર્કો ટેસ્ટની તારીખ લેવામાં આવી છે. નાર્કો ટેસ્ટ થયા બાદ તેના રિપોર્ટ પર હવે સૌની નજર છે. પોલીસે એફ.એસ.એલ સાથે સંપર્ક કરી આ પ્રક્રિયા પુર્ણ કરવા કવાયત તેજ કરી છે.

## ભાટ બસ સ્ટેન્ડ પાસેથી દારૂ-બિયરની હેરાફેરી કરતી ઝેન ગાડી પકડાઈ

### રૂ.૩૦ હજારની કિંમતના દારૂ-બિયરના જથ્થા સાથે અમદાવાદના બે બુટલેગરોની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૨

અડાલજ પોલીસ મથકની સર્વેલન્સ ટીમ ગઈકાલે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન મળેલી ચોક્કસ માહિતીને આધારે ભાટ બસ સ્ટેન્ડ પાસે વોચ ગોઠવી વિદેશી દારૂ બિયરનો જથ્થો ભરીને અમદાવાદ તરફ જતી મારુતિ ઝેન ગાડી પકડી પાડવામાં આવી હતી. અડાલજ પોલીસે રૂ. ૩૦ હજારની કિંમતનો દારૂ બિયરનો જથ્થો જપ્ત કરી અમદાવાદના કુબેર નગર વિસ્તારના બે બુટલેગરોની ધરપકડ કરી તેમની સઘન પુછપરછ શરૂ કરી છે. દારૂ-બિયરનો જથ્થો ક્યાંથી લાવ્યા હતા તે સહિતની ઊંડી પૂછપરછ ચાલી રહી છે.




અડાલજ પીઆઈ જે.જી વાઘેલા ની સૂચનાથી તેમની સર્વેલન્સ ટીમના પી.એસ.આઈ એ.જી એનુરકાર તેમની ટીમ ગઈકાલે પેટ્રોલિંગમાં હતા ત્યારે કોન્સ્ટેબલ મનીષસિંહને બાતમી મળી હતી કે ગાંધીનગરથી એપોલો સર્કલ થઈને ભાટ થઈ અમદાવાદ તરફ એક મારુતિ ઝેન નંબર જીજે ૧ એચ.ડી ૧૮૬૧ ની ગાડી પસાર થઈ રહી છે. સિલ્વર કલરની આ ગાડીમાં વિદેશી દારૂ બિયરના જથ્થાની હેરાફેરી થઈ રહી હોવાની માહિતીને આધારે અડાલજ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ ભાટ બસ સ્ટેન્ડ પાસે વોચ પર ગોઠવાઈ ગઈ હતી. બાતમીવાળી ગાડી ત્યાંથી પસાર થતા તેને કોર્ડન કરીને પકડી પાડી હતી. ગાડીમાં તપાસ કરતા અંદરથી ૨૮૦ નંગ વિદેશી દારૂની બોટલ તથા ૪૮ નંગ બીયરના ટીન મળી કુલ રૂ.૩૦,૪૩૨ ની કિંમતનો દારૂ બિયરનો જથ્થો મળી આવ્યો હતો. ગાડીમાંથી મળી આવેલા દારૂ બિયર તથા ગાડી મળીને અડાલજ પોલીસે કુલ રૂપિયા ૮૩,૪૩૨ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે અમદાવાદના કુબેરનગર વિસ્તારમાં રહેતા રાજેશ ઉર્ફે મમુ મદનલાલ કેસવાણી (સિંધી) અને હીરાલાલ ઉર્ફે હીરો ખુશીરામ રામરખીરાણી( સિંધી) મળીને બંને શખ્સોની ધરપકડ કરી તેમની સઘન પૂછપરછ શરૂ કરી છે.

## ગાંધીનગરમાં ફટાકડાના વેપારનો હંગામી પરવાનો મેળવવા જોગ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેર વિસ્તારમાં ફટાકડાનો હંગામી પરવાનો મેળવવા માટેના અરજી ફોર્મ નંબર- ૪ તા. ૨૨ થી ૨૬ ઓકટોબર, ૨૦૧૮ દરમિયાન સવારના ૧૧.૦૦ થી ૪.૦૦ કલાક દરમ્યાન જન સેવા કેન્દ્ર, કલેકટર કચેરી, ગાંધીનગર ખાતેથી મળશે. ભરેલા ફોર્મ તા. ૨૯મી ઓકટોબરના ૪.૦૦ કલાક સુધી જનસેવા કેન્દ્ર, ગાંધીનગર ખાતે સ્વીકારવામાં આવશે, તેવું મામલતદારશ્રી, ગાંધીનગરે જણાવ્યું છે.

મામલતદારશ્રી, ગાંધીનગરે વધુમાં જણાવ્યું છે કે, હંગામી પરવાનાની અરજી ઉપર રૂ. ૩/- ની કોર્ટ ફી સ્ટેમ્પ લગાડવાની રહેશે. લાયસન્સ ફી રૂ. ૨૦૦/- + ૫૦૦/- = ૭૦૦/- સદર હેડ '૦૦૭૦', ઓ.એ.એસ.સી સદરે જનસેવા કેન્દ્રમાંથી મંજૂર કરાવી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અથવા બેંક ઓફ બરોડામાં ચલણથી જમા કરાવવાની રેહશે. જેની એક નકલ અરજી ફોર્મ સાથે બિડાણ કરવાની રહેશે. ખુલ્લા પ્લોટ માટે ભાડાની રકમ ગાંધીનગર શહેર માટે કાર્યપાલક ઈજનેર શ્રી પાટનગર યોજના વિભાગ-૧, ગાંધીનગર અથવા અધિક્ષક ઈજનેરશ્રી, પાટનગર યોજના વર્તુળ, ગાંધીનગર અથવા મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકાની કચેરી પૈકી જે કચેરીમાં ભાડુ વસુલ લેવામાં આવતું હોય તે કચેરીમાં જમા કરાવવાનું રહેશે. ગાંધીનગર શહેરમાં સરકારી ખુલ્લા પ્લોટ સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ અથવા અધિકક્ષ ઈજનેરશ્રી, ગાંધીનગર તફરથી નિયત કરવામાં આવે તે સેકટર માટે જ હંગામી લાયસંસ આપવાના છે. જેથી આ અંગેની વિગતો જાણી જે તે સેકટર પુરતી જ પ્લોટ મેળવવા માટે પસંદગી પ્રમાણે અરજી કરવાની રહેશે. પ્લોટની ફાળવણી ડ્રો ગાંધીનગર શહેર માટે કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ-૧, ગાંધીનગર અથવા અધિક્ષક ઈજનેરશ્રી, પાટનગર યોજના વર્તુળ, ગાંધીનગર અથવા મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા કચેરી અથવા ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા લેવામાં આવશે. જે પ્લોટ ફળવાશે તેમાં જ ધંધો કરવાનો રહેશે. જેથી પ્લોટનું ભરેલું ભાડું રીફંડ મળશે નહી. પ્લોટ ઉપર સ્ટોલની વ્યવસ્થા, લાઈટની વ્યવસ્થા, ફાયર સેફટીના સાધનોની વ્યવસ્થા લાયસંસદારે જાતે કરવાની રહેશે. લાયસંસની શરતો પ્રમાણે આગ/અકસ્માત માટેની સાવચેતીના પગલાં લાયસંસદારે લેવાના રહેશે. છતાં કોઈ દુર્ઘટના બનશે તો તેની જવાબદારી લાયસંસ ધારકની જ રહેશે. જરૂર જણાયે લાયસંસ માટે અરજી કરનારે વિમો લેવાનો રહેશે. લાયસંસ મેળવનાર વ્યક્તિએ ધંધો જાતે જ કરવાનો રહેશે. અન્ય વ્યક્તિને ધંધો કરાવા અધિકૃત કરી શકશે નહી કે અન્યને વાપરવા આપી શકશે નહી. અરજદારો કોઈ ગુન્હામાં સંડોવાયેલ નથી તેવું પ્રમાણપત્ર તેના રહેણાંકના નજીકના પોલીસ સ્ટેશનમાંથી મેળવી અરજીપત્રક સાથે રજૂ કરવાનું રહેશે. સંબંધિત ફાયર ઓફિસરશ્રીનો અભિપ્રાય પણ અરજી પત્રક સાથે રજૂ કરવાનો રહેશે.

### ચિરવિદાય

- સ્વ. બિહોલા કરણસિંહ નટવરસિંહ, ઉ.વ. ૫૬
- સ્વ. ઠાકોર રૂપાબેન ગાંડાજી, ઉ.વ. ૭૦
- સ્વ. ઠાકોર કમુબેન ડાહ્યાજી, ઉ.વ. ૬૫
- સ્વ. સુથાર લક્ષ્મણભાઈ નરસિંહદાસ, ઉ.વ. ૬૫